ગાંધીનગર તાપમાન
મહત્તમ : ૩૫.૪ ડીગ્રી
લઘુતમ : ૧૭.૦ ડીગ્રી
ભેજ
સવારે ૭૨ ટકા ● સાંજે ૬૦ ટકા

## જન્મદિને વધામણી



ભરતસિંહ ડી. વાઘેલા
માલિક, રજવાડી ભોજનાલય
મો. ૮૫૧૧૩ ૫૫૩૩૬



હીર હેમંત નાયી
મો. ૯૮૯૮૦ ૦૮૨૬૪



આયુષ કે શ્રીમાળી
મો. ૯૮૭૯૪ ૫૬૫૧૭

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.
- સંપાદક

# શહેરના પર્યટન સ્થળો પર ભારે ભીડ

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગર શહેરમાં ફરવા લાયક ધાર્મિક સ્થળો તેમજ રમત-ગમત માટે અનુકુળ જગ્યાઓ પર દિવાળીથી લાભ પાંચમ સુધી ભારે ભીડ જોવા મળે છે. રોજના હજ્જારો દર્શનાર્થીઓ અક્ષરધામ મંદિરની મુલાકાત લઈ દર્શન કરીને ધન્યતા અનુભવે છે. તો બીજીતરફ સેકટર-૨૮ ગાર્ડન, સ્વર્ણીમ પાર્ક સહિતના સ્થાનોપર પણ માનવ મહેરામણ ઉમટે છે. શહેરમાં પર્યટકોને પગલે ટ્રાફિક સતત ધમધમતો જોવા મળે છે.

રાજયના પાટનગરમાં આવેલ પર્યટન સ્થળો નિહાળવાનો પણ અનેરો લ્હાવો હોય છે. શહેરમાં જોવા લાયક સ્થળોમાં શહેરનો જુનો અને જાણીતો બાળકોને પ્રિય સેકટર-૨૮નો ગાર્ડન, જગવિખ્યાત અક્ષરધામ મંદિર, મહાત્મા મંદિર, દાંડીકુટીર, સ્વર્ણિમ પાર્ક, ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાન, સેકટર-૧નું તળાવ સહિતના સ્થળનો સમાવેશ થાય છે. ત્યારે દિવાળીના દિવસોમાં ગાંધીનગરમાં મુલાકાતીઓનો ધસારો વધી જવા પામે છે. લાભ પાંચમ સુધી દરેક જોવા લાયક સ્થળ પર માનવ મહેરામણ હોય છે. દેશભરમાંથી પર્યટકો રાજયના પાટનગરની મુલાકાત લઈ વિવિધ સ્થળો નિહાળતા હોય છે. ત્યારે દિવાળીથી લાભ પાંચમ સુધી રોજના લાખો દર્શનાર્થીઓ અક્ષરધામની મુલાકાત લઈ ભગવાન સ્વામીનારાયણના દર્શન કરીને ધન્યતા અનુભવે છે, તો બીજી તરફ મુલાકાતીઓ વિવિધ રાઈડ્સની મજા માણે છે. સવારથી જ સાંજ સુધી મુલાકાતીઓનો ધસારો રહે છે. અક્ષરધામની આસપાસના માર્ગો પર ટ્રાફિક જામના દશ્યો જોવા મળે છે. ત્યારે વેપારીઓને મુલાકાતીઓની ભીડને પગલે બખ્ખા થઈ ગયા છે. ત્યારે અક્ષરધામની સાથોસાથ સે-૨૮ ગાર્ડન પણ બાળકોના કિલ્લોલથી ગુંજી ઉઠે છે.સે-૧ તળાવ,મહાત્મા મંદિર, દાંડીકુટીર, સ્વર્ણીમ પાર્ક, પ્રકૃતિ ઉદ્યાનમાં પણ જોવા માટે મુલાકાતીઓ મોટી સંખ્યામાં નજરે પડે છે. ત્યારે શહેરના જોવાલાયક સ્થળો પર આગામી બે-ત્રણ દિવસ સુધી પર્યટકો ઉમટી પડશે તેવું લાગી રહ્યું છે.



## પહેલીવાર 'લાભ પાંચમ' પહેલા શહેર પુનઃ ધબકતુ થયું

### ક્ષત્રિય-ઠાકોર સેનાના મહાસંમેલન સહિતની રાજકીય ગતિવિધિઓ તથા સોમવારથી પ્રારંભ થયેલ સરકારી કાર્યાલયોના કારણે શહેરમાં દિવાળીની રજાઓ ટુંકી થઈ ગઈ

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગર આજે દિવાળીના તહેવારની રજાઓના માહોલમાં ચોથના દિવસથી જ ધબકતુ થઈ જવા પામ્યું હતું. શહેરમાં સરકારી કાર્યાલયોના પ્રારંભ સાથે આગામી વિધાનસભાની ચુંટણીઓને અનુલક્ષીને રાજકીય ગતિવિધિઓ થતા ક્ષત્રિય-ઠાકોર સેનાના જનાદેશ મહાસંમેલનના કારણે આજે ભારે ચહલ-પહલ જોવા મળી હતી અને દર વર્ષે સામાન્ય રીતે આ દિવસોમાં સૂમસામ રહેતા રાજમાર્ગો આજે ધમધમી ઉઠયા હતા.

દર વર્ષે દિવાળી પછી લાભપાંચમ સુધી ધંધા બંધ રહેતા હોવાથી તથા નગરજનોમાં દિવાળીની રજાઓમાં બહારગામ ફરવા જવાનો ટ્રેન્ડ હોવાથી બેસતા વર્ષના દિવસથી લાભપાંચમ સુધીના પાંચ દિવસ શહેર સુમસામ બની જવા પામતું હોય છે. વળી શહેરમાં લગભગ તમામ નાગરિકો બહારગામથી આવીને વસેલા હોઈ દિવાળી તથા નૂતનવર્ષની ઉજવણી કરવા વતન જતા હોવાથી પણ શહેરની ચહલપહલને ભારે અસર થતી હોય છે. જો કે આ વર્ષે પ્રથમવાર ગાંધીનગર શહેર લાભપાંચમ પહેલા જ ધબકતું થયેલું જોવા મળ્યું છે કારણ કે શહેરમાં આજે યોજાયેલ ક્ષત્રિય-ઠાકોર સેનાના જનાદેશ મહાસંમેલનમાં આશરે એક લાખ જેટલી જનમેદની ઉમટી પડી હતી. લગભગ દસ વાગ્યાથી જ ક્ષત્રિય ઠાકોર સેનાના કાર્યકરો ઢોલ નગારા વગાડતા શહેરમાં ઉમટી પડયા હોવાથી શહેરમાં ભારે ચહલપહલ જોવા મળી હતી. અને નગરજનોને કૌતુક જેવું લાગ્યું હતું. બીજી તરફ ચોથના દિવસે સોમવાર હોવાથી તથા વિધાનસભાની ચુંટણીઓ નજીક હોવાને કારણે સરકારી કાર્યાલયોમાં લાંબી રજાઓ મંજૂર ના થઈ હોવાના પગલે મોટા ભાગના સરકારી કર્મચારીઓ આજથી રાબેતા મુજબ નોકરીએ હાજર થયા હતા જેને કારણે સરકારી કાર્યાલયો પણ ધમધમતા થયા હતા.

વિધાનસભાની ચૂંટણીઓની વિધિવત જાહેરાત હવે હાથ વેંતમાં હોવાથી શહેરમાં રાજકીય ગતિવિધિઓમાં ઉછાળો આવ્યો છે અને રાજય સરકાર પાસે પણ હવે કામના દિવસો ઓછા વધ્યા હોવાથી શકય હોય તેટલા કામો પતાવવાની ઉતાવળ દેખાઈ આવે છે. આ કારણે પણ સચિવાલય સહિત મોટાભાગની ઓફિસો કાર્યાન્વિત થઈ ઉઠી હતી. એકંદરે ઘણા વર્ષો પછી દિવાળીની રજાઓમાં ગાંધીનગર શહેર લાભપાંચમ પહેલા પુનઃ ધબકતું થયેલું જોવા મળ્યું હતું.

## જ રોડ પર દારૂ-બિયર ભરેલી કાર ઝડપાઈ: નરોડાના શખ્સની ૩ લાખના મુદ્દામાલ સાથે ધરપકડ

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગર એલસીબીની ટીમે બાતમીને આધારે વિદેશી દારૂ-બિયરનો જથ્થો ભરીને જતી વોકવેગન વેન્ટો કાર સાથે એક નરોડાના શખ્સને પકડી પાડયો છે. રૂ. ૩ લાખના મુદ્દામાલ સાથે દારૂ-બિયરનો જથ્થો જપ્ત કરી પુછતાછ કરતા આ શખ્સે ભિલોડાથી દારૂ-બિયર ભરીને અમદાવાદ રીંગરોડ પર આપવા જવાનો હોવાની કબુલાત કરતા તે દિશામાં એલસીબીએ તપાસ શરુ કરી છે.



એલસીબી પી.આઈ. જે.ડી. પુરોહીતની ટીમના પીએસઆઈ કૃણાલ પટેલ તથા સ્ટાફના માણસો શહેર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમિયાન કોન્સ્ટેબલ વિપુલ દેસાઈને બાતમી મળી હતી કે જ માર્ગ પરથી પસાર થતી વોકન વેગન વેન્ટો કાર નં. જીજે૦૧ કેજે ૧૦૩માં દારૂ-બિયરનો જથ્થો ભરેલો છે. ઈન્દ્રોડા પાર્કના ગેટની બહારની બાજુ નાકાબંધી કરીને આ બાતમી વાળી કાર ઉભી કરાવી તપાસ કરતા તેમાંથી ૧૩ પેટી બિયરના ટીન અને ૮ પેટી વ્હીસ્કીની બોટલોનો જથ્થો મળી આવ્યો હતો. રૂ. ૨,૯૬,૫૦૦નો મુદ્દામાલ જપ્ત કરી નરોડાના રાજેશ ગોવિંદ સેન નામના શખ્સની ધરપકડ કરી લઈ પુછપરછ શરુ કરતા આ માલ ભિલોડાથી ભરીને અમદાવાદ ખાતે છગન પ્રજાપતિ નામના શખ્સને રીંગરોડ ઉપર આપવા જતો હોવાની કબુલાત કરી છે. તે આધારે એલસીબીના હેડ કોન્સ્ટેબલ રમેશભાઈએ ઉંડી તપાસ શરુ કરી છે.

## શુક્રવારે સે-૩ના વડીલોનો સન્માન સમારંભ યોજાશે

ગાંધીનગર, તા.૨૩

વસાહત મંડળ સેકટર-૩ તરફથી તા. ૨૭મી ઓકટોબરના સાંજે ચાર વાગે સેકટર-૩-ડીના રામેશ્વર મંદિર ગાંધીનગરમાં વડીલોનો સન્માન તથા સ્નેહમિલન સમારંભ યોજવામાં આવેલ છે.

આ પ્રસંગે યોજાનાર ભોજન સમારંભના ભોજન પાસ રૂ. ૨૦ રોકડા આપી નરસિંહભાઈ એમ. પરમાર અથવા મંદિરમાંથી સવારે ૮ થી ૧૦ કલાક દરમિયાન તથા સાંજે ૫ થી ૬ કલાક દરમિયાન મેળવી લેવા વિનંતી છે. ભોજન પાસ તા. ૨૬-૧૦-૨૦૧૭ સુધીમાં જ આપવામાં આવશે તેમ પ્રમુખ રાજેશભાઈ ભટ્ટ તથા મહામંત્રી નરસિંહભાઈ પરમારે જણાવ્યું છે.

## ફટાકડા ફોડવા બાબતે સે-૨૪ શ્રીનગરમાં પથ્થરમારો

### સે-૨૧ પોલિસ સ્ટેશનમાં સામસામે ફરિયાદ

ગાંધીનગર, તા.૨૩

શહેરના સેકટર-૨૪ શ્રીનગર વિસ્તારમાં આજે બપોરના અરસામાં પથ્થરમારો થતા ચકચાર મચી જવા પામી હતી. ફટાકડા ફોડતી વખતે રોકેટ ઘરમાં ઘુસી જવા જેવી બાબતે આ મામલો બિચકયો હતો. ત્યાર બાદ ઉગ્ર બોલાચાલી થઈ અને સામસામે પથ્થરમારો થતા એક મહિલાને ઈજા થવા પામી હતી. આ મામલે એક તરફ શાહરૂખ ઈદરીશ મુલતાનીએ ભુરાભાઈ મારવાડી સામે તો બીજી તરફ નિલમબેન તૈલીએ શાહરૂખ ઈદરીશ મુલતાની સામે ફરિયાદ આપતા સે-૨૧ પોલિસે સામસામે ગુનો નોંધી તટસ્થ તપાસ શરુ કરી છે.




### જનાદેશ મહાસંમેલનમાં પણ ચા વાળો બન્યો આકર્ષણનું કેન્દ્ર

ભારતીય રાજકારણમાં 'ચા વાળા'નું વર્ચસ્વ જગ જાહેર છે. ગુજરાત વિધાનસભાની આગામી ચુંટણીઓને અનુલક્ષીને ગરમાયેલા વાતાવરણમાં ફરી એકવાર ચા વાળાની ભૂમિકા કેન્દ્રસ્થાને રહેવાની છે. આ સંજોગોમાં પાટનગરમાં યોજાયેલા ક્ષત્રિય-ઠાકોર સેનાના જનાદેશ મહાસંમેલન દરમિયાન એક કાર્યકરે તેના માથે 'મૈં ભી અલ્પેશ' લખેલી ટોપી પહેરી ચાની કિટલી ચલાવી હતી જે આકર્ષણનું કેન્દ્ર બની હતી. ક્ષત્રિય-ઠાકોર સેનાની ટોપી સાથે ચા બનાવતા બનાવતા આ ચા વાળો ઠાકોરભાઈઓને જાગૃત થવા અને પૈસા-દારૂના બદલે વૉટ ના વેચવા માટેથી બુમો પાડી હાકલ કરતા કરતા સૌનું ધ્યાનાકર્ષિત કરતો હતો.

## સિવિલમાં સીટીસ્કેન મશીન માટે કવાયત તેજ

ગાંધીનગર, તા.૨૩

પાટનગરની સિવિલ હોસ્પિટલમાં છેલ્લા બે વર્ષથી સીટીસ્કેન મશીન બંધ હાલતમાં છે. સીટીસ્કેન મશીન બંધ હોવાથી રોજના કેટલાય દર્દીઓને અમદાવાદ રીફર કરવામાં આવે છે. ત્યારે એમસીઆઈની ટીમે પણ સિવિલમાં સીટીસ્કેન મશીન બંધ હોવાની નોંધ લઈને પીજી માટે અભ્યાસક્રમની મંજુરીને નકારવામાં આવી છે. જેને પગલે આરોગ્ય તંત્ર દ્વારા હવે સીટીસ્કેન મશીન ખરીદવાની કવાયત તેજ કરી દેવાઈ છે. તે અંગેની ટેન્ડર પ્રક્રિયા પણ હાથ ધરવામાં આવી છે.

ગાંધીનગરમાં મેડીકલ કોલેજ બનતા દર્દીઓને આરોગ્યલક્ષી સુવિધામાં વધારો થવા પામ્યો છે. જિલ્લાના દર્દીઓ મોટી સંખ્યામાં સારવાર માટે આવે છે. સિવિલ દર્દીઓથી ઉભરાય છે ત્યારે કેટલીક આરોગ્ય સુવિધાઓ ન હોવાથી દર્દીઓને છેક અમદાવાદ સુધી લાબા થવાની ફરજ પડે છે. ત્યારે સિવિલમાં સીટીસ્કેન મશીન છેલ્લા બે વર્ષ જેટલા સમયથી બંધ હાલતમાં છે. ગાંધીનગર આસપાસ બનતા નાના મોટા અકસ્માતમાં ઈજા પામેલા દર્દીઓને માત્રને માત્ર સીટીસ્કેનના અભાવે અમદાવાદ રીફર કરવામાં આવે છે. સિવિલમાંથી અંદાજે રોજના ૧૫ થી વધુ દર્દીઓને રીફર કરાય છે. ત્યારે અનેકવાર સીટીસ્કેન માટે લેખિત તેમજ મૌખિક રજુઆત છતા યોગ્ય પરિણામ મળ્યુ નથી. ત્યારે મેડીકલ કોલેજમાં અભ્યાસ કરતા તબિબિ વિદ્યાર્થીઓને ભણતર માટે સીટીસ્કેન મશીન ઉપયોગી બને છે. પાટનગરની મેડીકલ કોલેજ દ્વારા પીજીના અભ્યાસક્રમ માટે મંજુરી માંગવામાં આવી હતી પરંતુ એમસીઆઈની ટીમમાં સીટીસ્કેન બંધ હોવાની નોંધ લઈને પીજી માટે અભ્યાસક્રમની મંજુરીને નકારવામાં આવી છે ત્યારે આરોગ્ય તંત્ર દ્વારા ગાંધીનગર સિવિલ માટે સીટીસ્કેન મશીન ખરીદી માટેની કવાયત તેજ કરી દેવાઈ છે. મળતી માહિતી મુજબ મશીન માટેની ટેન્ડર પ્રક્રિયા પણ પૂર્ણ કરી દેવાઈ છે. ત્યારે આગામી સમયમાં કરોડો રૂપિયાના ખર્ચે સીવીલમાં નવું સીટી સ્કેન મશીન આવતા દર્દીઓને લાભ મળશે.

## સે-૨૪ સહયોગ એપાર્ટમેન્ટમાં ૫૬ વર્ષિય પ્રૌઢનો ગળે ફાંસો

ગાંધીનગર, તા.૨૩

પાટનગરના સેકટર-૨૪ સહયોગ એપાર્ટમેન્ટમાં ગઈ મોડી સાંજે ૫૬ વર્ષીય પ્રૌઢે પોતાના મકાનમાં ગળે ફાંસો ખાઈ આપઘાત કરી લેતા ચકચાર મચી જવા પામી હતી. પોતાના મકાનની ઓરડીના હુક સાથે દોરડી બાંધીને કોઈ કારણોસર પ્રૌઢે કરેલા આપઘાત અંગે સે-૨૧ પોલીસને જાણ થતા પોલિસ સ્થળ પર પહોંચી ગઈ હતી અને મૃતદેહ પી.એમ. કરાવી અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને તપાસ શરુ કરી છે.

સેકટર-૨૪ના સહયોગ એપાર્ટમેન્ટ પ્લોટ નં. ૨૧૭ ખાતે રહેતા ૫૬ વર્ષીય પ્રૌઢ નઝીર મહમ્મદ નુરમહમ્મદ કુરેશીએ ગઈ કાલે સાંજે આઠ વાગ્યા પહેલા કોઈ પણ સમયે પોતાના ઘરે ઓરડીના હુક સાથે દોરડી બાંધી ગળે ફાંસો ખાઈ લીધો હતો. સે-૨૧ પોલીનને ઘટના અંગે જાણ થતા જમાદાર મગનસિંહ બનાવ સ્થળે પહોંચી ગયા હતા. પ્રૌઢને ખાનગી વાહનમાં હોસ્પિટલ લઈ જવાયા પરંતુ ફરજ પરના તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા. પોલીસે મૃતદેહ પી.એમ. કરાવી અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને આપઘાતનું કારણ બહાર લાવવા તજવીજ શરુ કરી છે.

## આઈ લવ માય ગાંધીનગર



ભરતસિંહ ડી. વાઘેલા

**ગાંધીનગર ગમે**

આંતરરાષ્ટ્રીય પ્રવાસન ધામ અક્ષરધામ, મહાત્મા ગાંધી મંદિર, બગીચા, સ્કૂલ્સ, કૉલેજીસ, વ્યવસ્થિત પહોળા રસ્તા, રાજ્યનું પાટનગર હોવાના કારણે ગાંધીનગર ખૂબ ગમે છે.

**નગરજનો**

દેશના સર્વધર્મ, જુદી-જુદી ભાષા, રીતરિવાજો હોવા છતાં એક થઈને નગરજનો અહીં વસે છે.

**પ્રવૃત્તિ, સંસ્થા ગમે**

નગરમાં વિવિધ સંસ્થાઓ દ્વારા થતી સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ ગમે છે. સૌને પ્રણામ.

**નગરને બહેતર બનાવવા**

દરેક જાગૃત નાગરિકે શહેરના માર્ગો પર ટ્રાફિક નિયમોનું પાલન કરવું જોઈએ, જાહેર શિસ્ત અને શિક્ષણ ક્ષેત્રે એકબીજાને માર્ગદર્શન આપવું જોઈએ.

**નગર માટે હું કરી શકું**

સામાજિક સેવાભાવી સંસ્થાઓ સાથે નિઃસ્વાર્થભાવે સેવાકીય કાર્યો કરવા હું તત્પર છું.

# દિવાળી પર્વની સોશ્યલ મિડિયા પર પણ સમાંતર ઉજવણી

### ધનતેરસની પૂજાથી માંડીને ચોપડા પૂજન, નૂતનવર્ષનું પરિવાર મિલન અને ભાઈબીજની ઉજવણી બધુ સોશ્યલ મિડિયા પર અપલોડ કરીને ઉજવણી કરાઈ : બેસતા વર્ષના દિવસે મેસેજીસનો ટ્રાફિક જામ અનુભવાયો

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગરમાં ફરી એકવાર દિવાળી પર્વ ઉજવાયું પરંતુ આ વર્ષે પણ દિવાળી હવે પહેલા જેવી નથી તેવી ફરિયાદો પણ ઉઠવા પામી હતી. છેલ્લા કેટલાક વર્ષોથી માત્ર દિવાળી જ નહી પરંતુ લગભગ તમામ પર્વોની ઉજવણીમાં પહેલા જેવો ઉત્સાહ નથી તેવી લાગણી નાગરિકોમાં જોવા મળે છે. તેમાં પણ દિવાળી અને નૂતનવર્ષ જેવા સૌથ મોટા અને મહત્વના તહેવારમાં તો દર વર્ષે ઉજવણીમાં અગાઉ જેવી ઉષ્મા કે ઉત્સાહ ઘટતા જતા હોવાની રાવ ઉઠવી સામાન્ય બની ગયું છે. વળી, આ પ્રકારની 'રાવ' સોશ્યલ મિડીયા પર વ્યકત થતી રહે છે. એ જ સોશ્યલ મિડીયાનો હવે તહેવારોની ઉજવણીમાં સૌથી વધુ ઉપયોગ થતો જોવા મળે છે. આ વર્ષે પણ શહેરના સામાન્યમાં સામાન્ય માનવીથી માંડીને ઉચ્ચ વર્ગ સુધીના તમામ વર્ગમાં દિવાળી તથા નૂતન વર્ષની ઉજવણીનો ક્રેઝ જોવા મળ્યો હતો અને સંદેશાઓની ભરમાર જોવા મળી હતી.

સોશ્યલ મિડિયા પર તહેવારમાં ધાર્મિક ઉપદેશથી માંડીને ભગવાનના વિવિધ ચિત્રો તથા પૂજા આરતીના શોર્ટ વિડિયો કે ઈમેજીસ તો ફરતી થાય જ છે પરંતુ સાથે સાથે તહેવારમાં ફલાણું ના કરો અને ઢીંકણું કરો જેવી સલાહો તથા પર્યાવરણ-અંધશ્રધ્ધા જેવી બાબતોને આગળ કરીને અપાતા જાગૃતિ સંદેશા પણ બ્હોળા પ્રમાણમાં વાઈરલ થતા જોવા મળ્યા હતા. વળી, ધાર્મિક રૂઢિઓ, પરંપરાઓ અને માન્યતાઓ વિરુધ્ધ સંદેશો આપતા મેસેજીસ સામે વિધર્મીઓનું કાવતરું હોવાના અને પૌરાણિક કે પ્રાચીન માન્યતાઓ પાછળ વૈજ્ઞાનિક તથ્યો હોવાના કાઉન્ટર-મેસેજીસ પણ એટલા જ પ્રમાણમાં ફરતા જોવા મળ્યા હતા. જો કે બંને તરફના મોટાભાગના સંદેશાઓમાં તથ્યોને તોડી મરોડીને રજૂ કરાતા હોવાની શકયતા પણ જણાઈ આવતી હતી.

વળી, આ વર્ષે હવે વિધાનસભાની ચુંટણીઓ હવે માથે આવી પહોંચી હોવાથી રાજકીય ગતિવિધિઓ પણ પુરજોશમાં જોવા મળી રહી છે જેને કારણે તહેવારના સંદેશાઓમાં પણ રાજકીય અભિપ્રાયો, કટાક્ષો અને ટૂચકાનો ઉપયોગ થતો જોવા મળ્યો હતો. દિવાળીના પર્વના પ્રારંભથી જ શહેરીજનોએ સોશ્યલ મિડિયાનો ભરપુર ઉપયોગ કર્યો હતો અને વાઘબારસ, ધનતેરસ, કાળી ચૌદશ, દિવાળી, નૂતન વર્ષ અને ભાઈબીજ સહિતના દિપાવલી પર્વના મહ્ત્વના દિવસો અંગે રચનાત્મક સંદેશા પાઠવી તહેવારની ઉજવણીનો ઉમંગ દેખાડયો હતો. ખાસ કરીને દિવાળી તથા નૂતનવર્ષના દિવસે શહેરીજનોએ સોશ્યલ મિડિયાનો ભરપૂર ઉપયોગ કર્યો હતો માત્ર શુભેચ્છા સંદેશા પાઠવવા કે મૂહૂર્ત જોવા ઉપરાંત પણ શહેરીજનોએ ધનતેરસની પૂજા, કાળી ચૌદશના દાળવડા કે હનુમાનજી દર્શન, દિવાળીનું ચોપડાપૂજન અને નૂતન વર્ષે દેવદર્શન કે પરિવાર મિલન તેમજ ભાઈબીજના ભાઈસ્નેહના સ્નેહ સંબધની તસવીરો અપલોડ કરવામાં શહેરીજનોએ ખાસ્સો ઉત્સાહ દાખવ્યો હતો. એકંદરે શહેરીજનોએ આ દિવાળીનું પર્વ ઘર પરિવાર ઉપરાંત સોશ્યલ મિડિયા પર પણ ઉજવ્યું હતું.

## ચિરવિદાય

- સ્વ. ઉર્મિલાબેન મનુભાઈ પંડિત, ઉ.વ. ૮૫
- સ્વ. અમરસિંહ કિશોરસિંહ રાણા, ઉ.વ. ૫૫
- સ્વ. વજેસિંહ ઉમેદસિંહ ગેલાવત, ઉ.વ. ૭૨
- સ્વ. પ્રવિણકુમાર ઈશ્વરલાલ દવે, ઉ.વ. ૪૩
- સ્વ. શકુન્તલાબેન પાટીલ, ઉ.વ. ૭૨